# ફોજદારી કેસ નં. ૧૯૯૧/૨૦૨૫ માં આંક-૧ લગત હુકમ

હાલની ફરીયાદ વાળો કેસ એન. આઈ. એકટની કલમ-૧૩૮ મુજબ દાખલ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષ તરફથી આંક-૦૮ થી વીથડ્રો પુરસીસ રજુ કરવામાં આવેલ છે. જે પુરસીસમાં જણાવવામાં આવેલ છે કે આ કામના અમો ફરીયાદીને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે અને અમોને ચેક વાળી રકમ મળી ગયેલ હોય તેથી સદર કેસ આગળ ચલાવવા માંગતા ન હોઈએ અને પુરો કરવા માંગતા હોઈએ જેથી સદર કેસ વિથડ્રો કરીએ છીએ જે હકીકત આ પુરસીસથી જાહેર કરીએ છીએ.

આમ, ફરીયાદી ફરીયાદ આગળ ચલાવવા માંગતા નથી અને હાલનો કેસ વિથડ્રો કરતાં હોય જેથી સદરહું પુરસીસ તથા તે લગત હુકમ અન્વયે હાલનો કેસ ફેંસલ કરવામાં આવે છે તથા આરોપીને આક્ષેપીત ગુન્હા અન્વયે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.૧૧,** માહે-**જુલાઈ,** સને **૨૦૨૬,** ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
ઓખામંડળ.

**(વિમલ પ્રદીપભાઈ આચાર્ય)**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઓખામંડળ.
**(કોડ નં.જી.જે.૦૧૪૪૫)**